ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં જરૂરી સુધારાઓ કરવા સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/CON/e-file/3/2024/5718/CHH
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪

**પ્રસ્તાવના:**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની રચના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩ હેઠળ થયેલ છે. અધિનિયમની કલમ-૫૩ હેઠળ અધિનિયમની જોગવાઇઓના અસરકારક અમલીકરણ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં જરૂર જણાયે વખતો વખત સુધારાઓ કરવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં ઘણીબધી જોગવાઇઓની સ્પષ્ટતાઓ ન હોવાના સંજોગોમાં નામ.હાઇકોર્ટ તેમજ ટ્રીબ્યુનલ માં સરકાર પક્ષે બચાવની યોગ્ય કાર્યવાહી થઇ શકતી નથી આથી કામગીરીમાં બિનજરૂરી ગૂંચવણ ઉભી થાય છે અને કેસોનો નિકાલ સમયસર થઈ શકતો નથી તેમજ સરકાર પક્ષે નાણાકીય ભારણ પણ વધે છે જેના કારણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં સુધારો કરવા માટે સમિતિની રચના કરવી જરૂરી જણાતી હોવાથી સદર બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ માં સુધારો કરવા માટે અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સ્થાને નીચે મુજબના સમિતિના સભ્યોની નિમણૂક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| ૨ | ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. | સભ્ય સચિવ |
| ૪ | નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર | સભ્ય |
| ૫ | શ્રી ભરત વાઢેર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બોટાદ | સભ્ય |
| ૬ | શ્રી સંજય પરમાર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ | સભ્ય |
| ૭ | શ્રી મનુભાઇ પાવરા, શિક્ષણ વિદ | સભ્ય |
| ૮ | શ્રી શંકરસિંહ રાણા, ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના પ્રતિનીધિ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૯ | વિભાગના નાયબ સચિવ/ ઉપ સચિવ | સરકારના પ્રતિનીધિ |

**સમિતિની કાર્ય સંબંધી શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે-**

1. સમિતિનું મુખ્ય મથક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા અધ્યક્ષશ્રી નક્કી કરે તે મુજબનું રહેશે.
2. સમિતિની બેઠકનું આયોજન દર ૧૫ દિવસે કરવાનું રહેશે.
3. સમિતિએ તેનો અહેવાલ ત્રણ માસના સમયગાળા સુધીમાં સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.
4. સમિતિ ઈચ્છા અનુસાર અથવા જરૂર જણાયે આમંત્રિત સભ્યોને બોલાવી શકશે. અને આમંત્રિત સભ્યોના અભિપ્રાય લઈ શકાશે.

આ ઠરાવ સરકારશ્રીની સમાનાંકી ફાઇલ પર તા: ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ જી ચૌધરી )

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રા.શિ અને મા.શિ.) નું કાર્યાલય ,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી ,માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં. ૧ /૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
- નિયામકશ્રી,કમિશનરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં-૯/૨,ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી (માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી ભરત વાઢેર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બોટાદ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ
- શ્રી સંજય પરમાર , જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ
- શ્રી મનુભાઈ પાવરા, શિક્ષણવિદ. (નકલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફત)
- શ્રી શંકરસિંહ રાણા, સંચાલક મંડળ (નકલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફત)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ